ગાંધીનગર સમાચાર
તા. ૫-૧૧-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### હવે, દિલ્હીમાં ચૂંટણી જ માર્ગ છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના ખદબદતા ચરૂમાં હાથ નાખવાથી દૂર રહ્યા અને પેટાચૂંટણીમાં મળેલાં વિપરીત પરિણામો પછી તો એક તબક્કે યેન કેન પ્રકારે દિલ્હીમાં ભાજપ સરકાર રચવાની તૈયારી પણ શરૂ થઇ ગઇ હતી. ચૂંટણી આપતાં શી ખાતરી કે પ્રજા ફરી પાછી કેજરીવાલની તરફેણ નહીં કરે? મોદી સહિત દિલ્હી ભાજપના મોટા ભાગના નેતાઓનાં મનમાં આ અવઢવ ઘર કરી ગઇ હોય કોઇ નક્કર નિર્ણય લઇ શકાતો ન હતો. કોંગ્રેસ શાસન દરમિયાન નિયુક્ત થયેલા ઉપરાજયપાલ નજીબ જંગ કેન્દ્ર સરકારના રુખ મુજબ નિર્ણય લેતા રહ્યા, એથી એમને વિપક્ષોની અને અદાલતની આકરી ટીકા સાંભળવી પડી. કેજરીવાલે એમને હરહંમેશ નિશાન બનાવ્યે રાખ્યા છે. અગાઉ મોદી સરકારે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં અને એક પછી એક રાજયપાલોની હકાલપટ્ટી શરૂ કરી ત્યારે નજીબ જંગની ખૂરશી પણ જશે એવું લાગતું હતું. આખા એપિસોડમાં ઉપરાજયપાલની સતત ફજેતી થતી રહી છે પરંતુ ખુરશીદાસ નજીબ જંગ એવી ફજેતી પણ હસતો મોઢે સહન કરતા રહ્યાં છે. કુનેહપૂર્વક કેન્દ્ર સરકારને અનુકૂળ રહી આ યુવાન રાજયપાલે એમની ખુરશી બચાવી રાખી છે. દિલ્હીમાં ફેરચૂંટણીની માગણી કરતા વિપક્ષોની વાત એક કાને સાંભળીને બીજે કાને કાઢી નાખનાર નજીબ જંગે કેન્દ્રની ઇચ્છાનુસાર રાષ્ટ્રપતિ શાસન લંબાવ્યે રાખ્યું અને ભારતીય જનતા પાર્ટીને સરકાર બનાવવાની તમામ પ્રકારની અનુકૂળતા કરી આપી. આજે સૌથી મોટા પક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટી ધારે તો ગણતરીના કલાકોમાં દિલ્હીમાં સરકાર રચી શકે એમ છે. આમ આદમી પાર્ટીમાંથી તેમજ કોંગ્રેસમાંથી ખૂટતી સભ્યસંખ્યા સહેલાઇથી મળી શકે એમ છે. સત્તાલાલચું ધારાસભ્યો પક્ષપલટો કરવા તૈયાર જ બૈઠા છે. રાષ્ટ્રપતિ પાસેથી ઉપરાજયપાલે દિલ્હીમાં લોકપ્રિય સરકાર બનાવવા માટે જરૂરી આદેશ પણ મેળવી લીધો છે. એક તબક્કે એવું લાગી રહ્યું હતું કે હવે ભાજપ જગદીશ મુખી જેવા સિનિયર નેતાની આગેવાની હેઠળ દિલ્હીમાં કદાચ લઘુમતી સરકાર બનાવી લેશે અને પછી વિધાનસભાના પટલ પર ‘આપ’ તથા કોંગ્રેસ ઉપરાંત જદ (યુ) ના સભ્યો પૈકી કેટલાકને ગેરહાજર રાખવાની યોજના અમલમાં મુકીને બહુમતી સિદ્ધ કરી લેશે. ‘આપ’માંથી છૂટા પડેલા વિનોદ બિન્ની જેવા કેજરીવાલના કટ્ટર વિરોધીઓ પણ આવી કોઇ કાર્યવાહીની કાગડોળે રાહ જોઇ રહ્યા હતા. પરંતુ લોકસભાની ચૂંટણીમાં દિલ્હીની તમામ બેઠકો જીતી ગયા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે લોકોની નજરમાં ઊતરી જવાય એવું જોડ-તોડનું રાજકારણ કર્યા વગર નવેસરથી ચૂંટણી યોજાવી રંગેચંગે બહુમતી મેળવીને દિલ્હીમાં ભાજપની સરકાર રચવા ઇચ્છે, તે સમજી શકાય એમ છે. ભાજપના ચૂંટાયેલા ત્રણ ધારાસભ્યો લોકસભામાં ચૂંટાઇ આવતાં એમની બેઠકો પણ ખાલી છે. ૩૨ સભ્યો હતા ત્યારે સરકાર રચવાની ના પાડનાર પાર્ટી આજે ૨૯ બચી છે ત્યારે તૈયાર થઇ જાય તે કેવું લાગે? આ મુદ્દે ચર્ચાસ્પદ બનાવી મોદીની તૈયારી નથી. હરિયાણા અને મહારાષ્ટ્ર જેવા બહુ મહત્ત્વનાં પૂર્ણ કદનાં રાજયોમાં ભાજપને અણધારી સફળતા સાંપડ્યા પછી મોદી સહિત ભાજપનાં કેન્દ્રિય નેતૃત્વને દિલ્હી જેવા નગર-રાજયમાં સત્તા મેળવવાનું સહેલું લાગી રહ્યું હોઇ. નજીબ જંગ પાસે આટલી લાંબી કવાયત કરાવ્યા પછી ભાજપે આઠ મહિના અગાઉ આપેલો એ જ અભિપ્રાય ચાલુ રાખ્યો છે : ‘અમારી પાસે સત્તારૂઢ થવા માટે જોઇતી સભ્યસંખ્યા ન હોઇ અમે સરકાર રચવા તૈયાર નથી, તેથી દિલ્હીમાં અનુકૂળ સમયે નવેસરથી ચૂંટણી થાય તે જ ઉચિત રહેશે.’ જો આ જ વલણ કાયમ રાખવાનું હતું તો રાજનિવાસમાં બેઠેલા ઉપરાજયપાલ પાસે આટલી કવાયત કરાવવાની શી જરૂર હતી - એ મતલબના અણિયાળા સવાલો વિપક્ષ તરફથી તેમજ રાજકીય વિશ્લેષકો તરફથી થાય તે સ્વાભાવિક છે. બિચારા ઉપરાજયપાલ હવે કેન્દ્ર સરકારના પોઠિયા બની ગયા છે. ઉપરથી જે આદેશ મળે છે, એનો ત્વરિત અમલ કરી એ વડાપ્રધાન અને ગૃહપ્રધાનની ગુડબુકમાં રહેવાની કોશિશ કરે છે. ભાજપના દિલ્હી એકમના નવા વરાયેલા પ્રમુખ સતીશ ઉપાધ્યાય સહિત ઘણા નેતાઓ ચૂંટણી કર્યા વગર ભાજપની સરકાર રચી દેવાની ઇચ્છા ધરાવતા હતા. કેજરીવાલના રાજીનામા પછી ગત ૧૭ ફેબ્રુઆરીથી દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન ચાલી રહ્યું હોઇ વિધાનસભામાં ભંગ કરવાની માંગણી પરત્વે સૂનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ઉપરાજયપાલ અને કેન્દ્ર સરકારની આકરી ઝાટકણીયે કાઢી હતી. અનિર્ણાયકતાના કેદી બની ગયેલા મોદીનિષ્ઠ ઉપરાજયપાલે છેલ્લે તમામ રાજકીય પક્ષો વિધાનસભા ભંગ કરી નવેસરથી ચૂંટણી કરાવવાનું વલણ ધરાવતા હોવાનો રિપોર્ટ રાષ્ટ્રપતિને સોંપી નવી ચૂંટણીનો માર્ગ મોકળો કરેલ છે.

# દરેક શાળાના અભ્યાસક્રમમાં એક પાઠ સ્વચ્છતાનો હોવો જોઇએ : પરેશ રાવલ

### વાવોલ ખાતે યોજાયેલ ભાજપ તાલુકા મંડળના સ્નેહમિલન સમારંભમાં સાંસદ પરેશ રાવલનું જુસ્સાભેર ઉદ્બોધન : સંતો-કથાકારો જો કથા સપ્તાહના સાત દિવસ દરમિયાન સાત મિનિટ સ્વચ્છતા માટે બોલશે તો સમાજનું ઘણું ભલું થશે : પરેશ રાવલ

ગાંધીનગર, તા. ૦૪

આજે ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર તાલુકા મંડળનો નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ વાવોલ ખાતે ભાગવત સપ્તાહ કથા મંડપમાં સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાયો હતો. આ સ્નેહમિલન સમારંભમાં અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના સાંસદ અને જાણીતા ફિલ્મી અદાકાર પરેશ રાવલ ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે કાર્યકરોને ધારદાર પ્રવચનથી પ્રોત્સાહિત કર્યા હતા અને ૨૦૧૯ની રાહ જોવા વગર ૨૦૧૭માં જ ગુજરાતને ચોખ્ખું ચણાક બનાવવા હાકલ કરી હતી.

ભાજપના આ સ્નેહમિલન સમારંભમાં જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષ શાહ, ગુડાના ચેરમેન અશોક ભાવસાર, જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર સહિત ભાજપના જિલ્લા



અને તાલુકા લેવલના અનેક હોદ્દેદારો અને સંગઠનના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ ‘મનુષ્ય તુ બડા મહાન હૈ’ ગીતથી કરવામાં આવ્યો હતો અને તમામ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ આગેવાનોનું કેસરિયો ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં પરેશ રાવલે તેમની લાક્ષણિક અદામાં જુસ્સાભેર પ્રવચન કરતા કાર્યકરોને જણાવ્યું હતું કે હું તમારી વચ્ચે છું તે તમારા માટે નહીં પરંતુ મારા માટે ગૌરવની વાત છે. તેમણે નૂતનવર્ષની શુભેચ્છા પાઠવવાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી ટોયલેટની વાત કરવી પડે તે કરમની કઠણાઇ કહેવાય તેવું કહેતા મોદીસાહેબના સ્વચ્છતા અભિયાનને જોશભેર ઉપાડી લેવા આહ્વાન કર્યું હતું. તેમણે સાધુ-સંતો અને કથાકારોને સાત દિવસની ભાગવત્ દરમિયાન સાત મિનિટ સ્વચ્છતાની વાત કરશો તો સમાજનું ઘણું ભલુ થશે તેવી સલાહ આપી હતી. આ ઉપરાંત તેમણે શાળાના અભ્યાસક્રમમાં પણ એક પાઠ સ્વચ્છતાનો હોવો જોઇએ તેવો અભિપ્રાય આપ્યો હતો અને ૨૦૧૭ સુધીમાં ગુજરાતને ચોખ્ખું ચણાક કરી દેવા આહ્વાહન કર્યું હતું.

આ સમારંભમાં અગાઉ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે તેમનાં ટૂંકા પરંતુ હૃદયસ્પર્શી ઉદ્બોધનમાં તમામ કાર્યકરોને પોતાના ઘરથી માંડીને



શેરી, મહોલ્લો, ગામ, શહેર અને તાલુકો સ્વચ્છ કરવા કામે લાગવા સૂચન કર્યું હતું.

ગુડાના ચેરમેન અશોક ભાવસારે જયાં જયાં નજર જાય ત્યાં ત્યાં સ્વચ્છ ગુજરાત દેખાય તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. આખા સમારંભમાં સ્વચ્છતા અભિયાન મુખ્ય વિષય રહ્યો હતો. જો કે આ ઉપરાંત આ સમારંભમાં સદસ્યતા અભિયાન અને સંગઠનને મજબૂત બનાવવા અંગે પણ સૂચનો આપવામાં આવ્યા હતા. અગ્રણી હોદ્દેદાર હિતેન્દ્રભાઇએ તમામ કાર્યકરોને ‘ટીમ ગાંધીનગર’ તરીકે કાર્ય કરી લોકસભા, વિધાનસભા અને અન્ય રાજયોની ચુંટણીઓની જેમ આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ ભાજપની વિજય પતાકા લહેરાવવા કટિબદ્ધ થવાનું જણાવ્યું હતું.

આ સમારંભમાં ગાંધીનગર આસપાસના વાવોલ, કુડાસણ, કોલવડા, રાયસણ, ઉવારસદ, પેથાપુર જેવા અનેક ગામોનાં કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં મહિલા કાર્યકરો પણ સારી એવી સંખ્યામાં હાજર રહ્યાં હતા. આ સમારંભ બાદ તમામ કાર્યકરો, હોદ્દેદારો અને આગેવાનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે પરેશ રાવલ સમારંભ પુરો થાય તે પહેલાં જ સેક્ટર-૨૧માં કમલમ્ ખાતે દહેગામના ભાજપ આગેવાનોને મળવા રવાના થઇ ગયા હતા.

# નવા પરીક્ષા કેન્દ્રની મંજુરી માટે સીસીટીવી ફરજીયાત

### માર્ચ-૨૦૧૫ની બોર્ડની પરીક્ષામાં સીસીટીવી-ટેબલેટનો ઉપયોગ ફરજીયાત બનાવાશે : હાલના પ્રયોગને સફળતા

અમદાવાદ, તા.૦૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબરમાં લેવાયેલી સાયન્સની પરીક્ષામાં તમામ પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી અને ટેબલેટ લગાવી પરીક્ષા લેવામાં આવી હતી. આ પ્રયોગ સફળ થયા બાદ હવે બોર્ડ આગામી માર્ચ-૨૦૧૫ની પરીક્ષામાં તમામ પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી અને ટેબલેટ લગાવવાનું વિચારણા હાથ ધરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક મળી હતી, જેમાં ટેબલેટ અને સીસીટીવી લગાવવાથી વિદ્યાર્થીઓનું દબાણ હળવું થયું હોવાનો મત વ્યક્ત કરાયો હતો.

બોર્ડ દ્વારા પરીક્ષા માટે પાંચ વર્ષમાં જે કામચલાઉ કેન્દ્રો આપવામાં આવ્યા છે તેને કાયમી કેન્દ્ર તરીકે માન્યતા આપતા પહેલા સ્કુલમાં સીસીટીવી લગાવવાનું ફરજીયાત બનાવવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક બોર્ડના અધ્યક્ષની આગેવાનીમાં તાજેતરમાં મળી હતી. જેમાં પરીક્ષાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

બોર્ડની ઓક્ટોબરમાં લેવામાં આવેલી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં રાજ્યના તમામ પરીક્ષા સ્થળો પર સીસીટીવી અને ટેબલેટ લગાવવામાં આવ્યા હતા. બોર્ડના આ પ્રયાસની પરીક્ષા સમિતિની બેઠકમાં સૌએ પ્રશંસા કરી હતી અને તેના પરિણામોથી ખુશી વ્યક્ત કરી હતી. બોર્ડની આ બાબતને ધ્યાનમાં લઈને આગામી માર્ચ-૨૦૧૫માં લેવામાં આવનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં તમામ સ્થળોએ સીસીટીવી અને ટેબલેટ લગાવવાની વિચારણા હાથ ધરાઈ હતી. આ મુદ્દે બોર્ડના સભ્યોએ પણ હકારાત્મક વલણ અપનાવતા આગામી પરીક્ષામાં સીસીટીવી અને ટેબલેટ લગાવવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ વર્તાઈ રહી છે.

ઉપરાંત બોર્ડ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં જે સ્કુલોને કામચલાઉ પરીક્ષા કેન્દ્રો આપવામાં આવ્યા છે તેમને કાયમી કેન્દ્ર તરીકે માન્યતા આપતા પહેલા સીસીટીવી નાંખવાનું ફરજીયાત બનાવવામાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા અંગે બોર્ડ દ્વારા વિજ્ઞાન શિક્ષકોને તાલીમ સુસજ્જતા ચકાસણી માટે શાળાઓની આકસ્મિક મુલાકાત લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેથી પરીક્ષા દરમ્યાન ગુલ્લી મારનારા શિક્ષકો સામે કાર્યવાહી કરી શકાશે.

ઉપરાંત વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક વાર્ષિક પરીક્ષા વખતે આ પરક્ષા બરાબર લેવાય છે કે કેમ તે માટે બોર્ડ દ્વારા નિરીક્ષકો મોકલવાનું નક્કી કરાયું છે. ઉપરાંત બોર્ડની કામગીરીનું કેલેન્ડર બનાવવા અંગે તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના ઓનલાઈન ફોર્મ ભરવા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




એક તો દશ વર્ષથી સરકારનું પેન્શન અને માથે બાંકડાનો ખર્ચો... સરકાર બિચારી શું કરે !!

# હેમંત શાહ નવા કુલનાયક બનવાની સ્પર્ધામાં આગળ

### વિદ્યાપીઠના નવા કુલનાયકની આજે જાહેરાત થઇ શકે છે

અમદાવાદ, તા.૦૪

મહાત્મા ગાંધીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠ છેલ્લા કેટલાક સમયથી કુલનાયકના મુદ્દે ભારે વિવાદમાં રહી છે. વિદ્યાપીઠના નવા કુલનાયક કોણ હશે તે અંગે અનેક પ્રકારની અટકળો વહેતી થઈ છે પરંતુ સર્ચ કમિટીએ કયા નામો નક્કી કર્યા છે તે મુદ્દે સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા કરવા તૈયાર નથી ત્યારે આવતીકાલે વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળની બેઠક મળવાની છે. આ બેઠકમાં ગુજરાત વિદ્યાપીઠના નવા કુલનાયક અંગે જાહેરાત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત વિદ્યાપીઠના નવા કુલનાયકની પસંદગીને લઈ ભારે વિવાદ સર્જાયેલો છે. વિદ્યાપીઠના નવા કુલનાયકની પસંદગી કરવા માટે રચવામાં આવેલી સર્ચ કમિટીએ અંદાજે ૧૨૫થી વધારે શિક્ષણવિદ્દોના બાયોડેટાની ચકાસણી કર્યા બાદ ત્રણ નામો નક્કી કરી દીધા છે. વિદ્યાપીઠના સુત્રોનું કહેવું છે કે સર્ચ કમિટીએ જે ત્રણ નામ પસંદ કર્યા છે તેમાં વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ રામલાલ પરીખની પુત્રી મંદાબેન પરીખ ઉપરાંત વિદ્યાપીઠના જ વિદ્યાર્થી અને એચકે કોલેજના પ્રોફેસર હેમંત શાહ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શરીફા વીજળીવાળાનું નામ હોવાની ચર્ચા થઈ રહી છે. આ ઉપરાંત અનામિકા શાહનું નામ પણ હવે કુલનાયક તરીકે ચર્ચામાં છે ત્યારે સુત્રોનું માનવું છે કે વિદ્યાપીઠના કુલનાયક પદ માટે હાલ મંદાબેન અને હેમંત શાહને પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા છે. વિદ્યાપીઠના બંધારણ પ્રમાણે બંધબેસતા ઉમેદવાર ન મળે ત્યારે કેટલીક બાંધછોડ કરવામાં આવે તેવી પણ પ્રબળ શક્યતા છે. ઉલ્લેખનીય છે કે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં સર્ચ કમિટી દ્વારા જે નામો પસંદ કરવામાં આવે તે સીધા સરકારને સોંપવામાં આવતા હોય છે. આ નામોમાંથી સરકાર દ્વારા જ કોઈ એક ઉમેદવારની પસંદગી કરવામાં આવે છે. જો કે વિદ્યાપીઠમાં સર્ચ કમિટીએ પસંદ કરેલા નામો આવતીકાલે મળનાર ટ્રસ્ટી મંડળની બેઠકમાં રજુ કરવામાં આવશે. જો કે સર્ચ કમિટીએ આપેલા નામો પૈકી કોઈ નામ ટ્રસ્ટી મંડળને પસંદ ન હોય તો મંડળ પોતાની રીતે અલગ નામો પર પણ વિચારણા કરી શકે છે. આ બેઠકમાં સર્ચ કમિટીએ આપેલા નામોને કુલપતિ દ્વારા ટ્રસ્ટી મંડળ સમક્ષ રજુ કરવામાં આવશે ત્યારબાદ ટ્રસ્ટી મંડળ દ્વારા અંતિમ નિર્ણય લેવાશે.

# શહેર જાગૃત નાગરિક પરિષદનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૪

શહેરમાં વિવિધ સંસ્થાઓ નૂતન વર્ષે સ્નેહમિલન સમારોહ યોજી રહી છે. સંસ્થાના હોદ્દેદાર અને તેમના પરિવારજનો એકમેકને નવા વર્ષે અભિનંદન પાઠવી રહ્યા છે. ગાંધીનગર શહેર જાગ્રત નાગરિક પરિષદનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.

નૂતન વર્ષના અભિનંદન પાઠવવા ગાંધીનગર શહેર જાગ્રત નાગરિક પરિષદે તા. ૩જી નવેમ્બરના રોજ સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારોહમાં સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષે સભ્યો અને પરિવારજનોનું વર્ષ સુખમય પસાર થાય, સુખ-શાંતિ, સંપત્તિ, સમૃદ્ધિ અને આરોગ્ય સારું રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. સમારોહમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# ૧૬ સંસ્કારોની વ્યવસ્થા - બને એવું સશક્ત સંતાન જેને કોઇ ફરિયાદ નથી

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

ક્યારેક આપણે ફરિયાદનાં યુગમાં જીવતાં હોઇએ એવું લાગ્યા વગર રહેતું નથી. માતાપિતાને મળીએ તો કહે : ‘આ મોબાઇલ આવ્યા ત્યારથી ટીનીયો પુરી વાત સાંભળતો નથી.’ કેટલાક કહે છે ‘આ કાલીઆએ કોમ્પ્યુટરનો ફેસબુકિયો બની બોલવાનું બંધ કરી દીધું છે. જાણે જીવતા-જાગતા માણસો કરતાં દૂર બેઠેલાં એના સગા! સાથે મંડેલો રહે છે, એ બધાં શું આપતા હશે એને?’ બીજા કેટલાક કહેશે : ‘કોઇ પણ કામ બતાવીએ તો ફટ કરતો ના પાડી દે છે અમારો ભોલીયો અને પાછો વારે-વારે રીસાઇ જાય છે. બોલો શું કરવું?’ આપણું સદભાગ્ય છે કે આપણા દેશની જૂની સાંસ્કૃતિક પેટીમાં ઝવેરાત પડ્યું છે. બસ આપણે એમાનાં પોટલાની ધૂળ ખંખેરી હીરા-માણેકને બહાર કાઢવાના છે. આજે એક ૧૬ પેંડલવાળું ‘મણીસંસ્કાર ઘરેણું’ બહાર કાઢ્યું છે. જે આપણને ખાતરી આપે છે કે જો તે ઘરેણું સાફ કરીને ધારણ કરવામાં આવે તો આવનાર સંતાન સાચા અર્થમાં માતાપિતાનું ગૌરવ વધારશે.

સૌત્રસૂત્રનું સાહિત્ય વેદોના અંગરૂપ છે. શ્રતિસાહિત્ય (વેદ) ઉપરાંત છ વેદાંગો છે જેમાં, (ઇ.સ.પ્રથમ સદી), શિક્ષા, કલ્પ, જયોતિષ, વ્યાકરણ, નિરુક્ત, છંદ છે. આ છ વેદાંગોમાં એક છે કલ્પ. કલ્પ સૂત્રો બે ભાગમાં વહેંચાયું છે. ૧. સૌત્રસૂત્રમાં કર્મકાંડની સમજ અપાઇ છે અને તે શ્રુતિ આધારીત છે. ૨. સ્માર્ત સૂત્ર - જેમાં સ્માર્ત સૂત્રના બે ભાગ પડે છે. (૧) ગૃહ્ય સૂત્ર - જેમાં સાંસારિક જીવનની ચર્ચા છે અને (૨) ધર્મસૂત્રમાં સામાજિક ફરજોની ચર્ચા કરાઇ છે. ઋગ્વેદનાં સૌત્રસૂત્ર - આશ્વલાયન સૂત્રગ્રંથો જાણીતા છે. સામવેદનાં સૌત્રસૂત્રમાં લાત્યાયન, દ્રાહ્યાયન, જૈમિન્ય મુખ્ય છે. કૃષ્ણ યજુર્વેદમાં સૌત્રસૂત્રમાં બૌધાયન, વધુલા, માનવ, ભારદ્વાજ, આપસ્તંભ, હિર્યકિસી, વરાહા, વૈખાનસને ઘણી શકાય છે. શુક્લ યજુર્વેદનાં સૌત્રસૂત્ર છે કાત્યાતન. અથર્વવેદનાં સૌત્રસૂત્ર અને વૈતાનાસૂત્રો છે. જયારે ગૃહ્યસૂત્રના વિષયો ગૃહસ્થના માટેનાં કર્મકાંડ માટેનાં મંત્રો છે.

ઋગ્વેદનાં ગૃહ્યસૂત્રમાં આશ્વલલાયન, કૌશીતકી, શાંખાયાનનાં ગૃહ્યસૂત્ર છે ગોભીલ, ખરીદા, જૈમિન્ય, કૌથુમી. કૃષ્ણ યજુર્વેદમાં ગૃહ્યસૂત્ર છે બૌધાયન, હિરણ્યકેશી, માનવ, ભારદ્વાજ, આપસ્તંભ, અગ્નિવેશ્ય, વૈખાનસ, કાથક, વરાહા, વધુલા, કપિસ્થલા શુક્લ યજુર્વેદનાં ગૃહ્યસૂત્ર - પારસ્કર, કાત્યાતન છે. અર્થવેદનાં ગૃહ્યસૂત્ર કૌશિકાં છે. ધર્મસૂત્રોનો વિષય - વિધિવિધાન અને કાયદો રહ્યા છે. ઋગ્વેદનું ધર્મસૂત્ર છે વરિષ્ઠ અને સામવેદનું ધર્મસૂત્ર - ગૌતમ છે. કૃષ્ણ યજુર્વેદનાં ધર્મસૂત્ર છે બૌધાયન અને આપસ્તંબ અને શુક્લ યજુર્વેદનાં ધર્મસૂત્ર - વિષ્ણુ શુલ્બ સૂત્રમાં કર્મકાંડની વિગતો છે. કૃષ્ણ યજુર્વેદ બૌધાયન, માનવ, આપસ્તંભ શુલ્બ સૂત્રો છે જયારે શુક્લ યજુર્વેદનું કાત્યાયન શુલ્બ સુત્ર છે.

સંસ્કાર એટલે સુયોગ્ય આકાર આપવો. આજે આવું પણ બને છે કે માતાનું કહેલું દીકરો ન માને તો? પરંતુ કહેવાયું છે સંસ્કારો હિ ગુણાંતરધ્યાનમુચ્યતે । અન્નને ભક્ષનયોગ્ય બનાવવા અનેક મસાલા નાખીને સુપાચ્ય અને સ્વાદયોગ્ય બનાવવામાં આવે છે તેવી જ રીતે વૈદિકોની દૃઢ માન્યતા હતી કે ભ્રૂણને જન્મથી વિભિન્ન વિધિઓથી સંસ્કારીત કરવામાં આવે તો ‘તેજસ્વી બાળક’ આવે. મુખ્ય રીતે ૧૬ સંસ્કારો પ્રચલિત છે. ૧. ગર્ભાધાન - ગર્ભાધાનના પાંચ મહિને. ૨. પુંસવન, ૩. સીમંત, ૪. જાતકર્મ, ૫. નામકરણ, ૬. નિષ્ક્રમન, ૭. ચૂડાકર્મ, ૮. અન્નપ્રાશ, ૯. કર્ણભેદ, ૧૦. ઉપનયન, ૧૧. વેદારંભ, ૧૨. સમાવર્તન, ૧૩. વિવાહ, ૧૪. વાનપ્રસ્થ, ૧૫. સંન્યાસ, ૧૬. અંત્યેષ્ઠી. આ સોળ સંસ્કારોમાં બાર સંસ્કારો અભ્યાસ અને બાળસંસ્કાર અંગેના છે. તેના પરથી ધ્યાનમાં આવે છે કે બાળપણનો વિકાસ એ જીવનનો સૌથી મૂલ્યવાન સમય છે.

શિશુ અવસ્થામાં અપાતાં સંસ્કાર જીવન પર્યંત આવશ્યક અને વિકાસાત્મક બની રહેતાં હોય છે. મુખ્ય રીતે સંસ્કાર ત્રણ પ્રકારે પાડી શકાય. ૧. મનોવૈજ્ઞાનિક રીતે, ૨. સામાજિત સાંસ્કૃતિક સંદર્ભે અને ત્રીજા ક્રમે છે ૩. પારંપારિક કર્મકાંડ રૂપે જેમાં (૧) મનોવૈજ્ઞાનિક રીતે અપાતાં સંસ્કારો ત્રણ રીતે અસર કરે છે. (અ. સ્થૂળ શરીરને - બ. સૂક્ષ્મ શરીરને અને - ક. કારણ શરીરને. જેમાં સ્થૂળ શરીર તો આપણે સૌ જાણીએ છીએ. સૂક્ષ્મ શરીરમાં કર્મેન્દ્રિય હાથ, પગ, વાક્, ઉપસ્થ, પાયુનો સમાવેસ થાય છે. ત્રીજા ક્રમે આવે છે કારણ શરીર - જેમાંથી સ્થૂળ અને સૂક્ષ્મ શરીર બને છે. અન્ય એક રીતે પ્રકાર જોઇએ તો ૧. કર્મજ સંસ્કાર, ૨. ભાવજ સંસ્કાર, ૩. જ્ઞાનજ સંસ્કાર.

બીજી રીતે વર્ગીકરણ પાડેલ વર્ગીકરણમાં ૧. પૂર્વજ સંસ્કાર-મૃત્યુ બાદ સૂત્રમ શરીર સાથે જોડાય છે. ૨. આનુવંશિક સંસ્કાર-માતા પિતા દ્વારા. ૩. વાતાવરણના સંસ્કાર-સંગત, પરિસ્થિતિ દ્વારા. ૪. સંસ્કૃતિનાં સંસ્કાર - જાતિ, સંસ્કૃતિના સંસ્કાર. સંસ્કારનો સામાજિક અને સંસ્કૃતિક સંદર્ભ સાથે મળે છે. જેમ કે સવારે વહેલા ઊઠવાની ટેવ. બાળકે પણ સ્વચ્છતા, શાંતિ, બોલવાની રીતભાતનો સંસ્કાર મેળવવા એટલા જરૂરી છે. સમ્યક્ કરોતિ ઇતિ સંસ્કાર । પારંપારિક કર્મકાંડ રૂપે સંસ્કાર અપાય તે આવશ્યક છે. જેમ જે, દરેક પૂનમે ગાયને ઘાસ ખવડાવવું. સોળ સંસ્કાર જન્મના ઝાયતે શુદ્ર : સંસ્કારાત દ્વિજ ઉચ્યતે ।

સંસ્કારોની બાબતમાં પણ સમાજ ઉપર સંકટ આવી ચૂક્યું છે, ભારતીય જીવન દર્શન પોતાની ઓળખ ગુમાવતું જાય છે તેવું પણ કયારેક લાગે છે, અંગ્રેજ શાસનથી પણ આપણામાં આત્યાંતિક હીનભાવના જન્મ્યો હશે. ખાન-પાન, સંયમ, નકલ જાણે કે નકામી બાબત સમજી ફેંકવાની તૈયારીમાં છીએ. સંસ્કારો ૧૪ પેઢી સુધી પિતૃવંશીઓ તરફથી ઉતરી શકે છે. પૂર્વજોના સહજ સંસ્કાર ૧૪ પેઢી સુધી પિતૃવંશી પૂર્વજોના તીવ્ર કૃત્રિમ સંસ્કાર અને પાંચ પેઢી સુધીના માતૃવંશી પૂર્વજોના સહજ સંસ્કાર આવી શકે છે. પાંચ પેઢી સુધી માતૃવંશી પૂર્વજોના તીવ્ર કૃત્રિમ સંસ્કાર બાળકમાં આવવા શક્ય છે. વારસાગત થવામાં પિતૃવંશી પૂર્વજોના શારીરિક સંસ્કારોની અસર થાય છે. વારસાગત થવામાં પિતૃવંશી પૂર્વજોની માનસિક સંસ્કારો મુખ્ય બને છે.

ગોત્ર-કુળનું પણ એક અલાદયું સ્થાન સ્વીકૃત થયેલ છે. ‘એક જ ઋષિનાં સંતાન’ તે ગોત્ર - ગોત્ર શબ્દ બધી જ સગોતી વ્યક્તિઓ ભાઇ-બહેન ગણવામાં આવે છે. આજે પણ કેટલાક સમાજોમાં સગોત્રી સ્ત્રીપુરૂષોના વિવાહ નિષિદ્ધ ગણવામાં આવે છે.

એતદ્ દેશ પ્રસૂતસ્ય સકાશાદ્ અગ્રજન્મનઃ
સ્વં સ્વં ચરિત્રં શિક્ષરેન્ પૃથિવ્યાં સર્વ માનવઃ ॥

સંસ્કારોનો ઉદ્દેશ્ય ૧. લૌકિક - દીર્ઘ જીવનનો છે, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ, બુદ્ધિ વગેરેનો છે. બીજા ક્રમનો ઉદ્દેશ્ય ૨. આધ્યાત્મિક - મૂલ ઉદ્દેશ્ય બ્રહ્મપ્રાપ્તિ સંસ્કાર, ચેતનાને શુદ્ધ, પંચ મહાકોશ વિકાસ ગણાવેલ છે. જેમ કે જાતકર્મ સંસ્કાર, જેમાં પ્રસવ પૂર્વેની સાવચેતી, સુરક્ષા, પ્રસવજન્ય, શારીરિક આવશ્યકતાઓ, પરિસ્થિતિ આધારિત, ઓરડાની પસંદગી, શુભસૂચક મંત્રો બાબતો ધ્યાન રખાય છે. જન્મ બાદના સંસ્કાર દરમિયાન શિશુના જમણા કાનની નજીક પિતા ‘અગ્નિરાયુષ્યમાનત્યાધષ્ટા’ મંત્ર ગાય છે. ઉપરાંત ગાયોની પૂજા, પ્રાર્થના પણ કરવામાં આવે છે. બાળકને જન્મ થતાં જ તેના દિર્ઘાયુ, બૌદ્ધિક વિકાસ અને નાળ કાપતા પહેલાનો સંસ્કાર જાતકર્મ છે. મેધાજનન માટે મધ અને ઘી ચટાડવામાં આવે છે. એજ રીતે નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. ૧૧ કે ૨૧ માં દિવસે કે એક વર્ષે આ સંસ્કાર કરવામાં આવે છે. આયુષ્ય, તેજ, સાંસારિક સિદ્ધિનો ઉદ્દેશ્ય માટે નામકરણ સંસ્કાર જરૂરી છે. નામાખિલસ્ય વ્યવહારહેતુઃ શુભાવહં કર્મસુ બાગ્યહેતુઃ । નામ્નૈવ કીર્તિલભતે મનુષ્યસ્તતઃ પ્રશસ્તં ખલુ નામકર્મ ॥ ( ) નામ હંમેશા અર્થયુક્ત, સરળ, સુંદર ચાર કે બે અક્ષરવાળું હોય તો ખૂબ સારું. દિકરાનું નામ ૩ કે ૫ ઇક્ષરવાળું હોય તો સારું લાગે છે. નામ દેવ, માસ, નક્ષત્ર આધારીત પાડવામાં આવે તે આવશ્યક બનતું. નભ્યતે અભિધીયતે અર્થો અનેન ઇતિ નામ । નિષ્ક્રમણ સંસ્કાર અંતર્ગત બાળકને સૌ પ્રથમ ઘરની બહાર દેવસ્થાને અને પ્રકૃતિના સાનિધ્યમાં લઇ જવાય છે. સંસ્કૃતમાં કહેવાયું છે. સૂર્ય, ચંદ્ર દર્શન ચતુર્થે માસિ કર્તવ્યં શિશોર્નિષ્ક્રમણં ગૃહાત્ । વડિલો આશીર્વાદ આપે છે. જીવેત શરદઃ શતમ્ । બાળકના પિતા પંચમહાભૂતોનાં અધિષ્ઠાતા દેવતાઓને વંદે છે. ત્યારબાદ અન્નપ્રાશન સંસ્કાર માટે તેને પ્રથમ દૂધ, ચોખાની ખીર, દહીં, મધ, ઘી, મિશ્રિત હળવું ભોજન અપાય છે. ષષ્ઠે માસિ અન્નપ્રાશન । દધિમધુઘૃતમિશ્રિતમન્નં પ્રાશવેત્ । બાળકને ચાંદીની ચમચીથી પિતા કે વડિલ ગોદમાં લે છે અને ભાવસભર રીતે ખવડાવે છે. આગળના સંસ્કારો ફરી કયારેક જોઇશું.